# પર્વતોમાં રહેતો માણસ
## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

ઘણા સમય પહેલાની આ વાત છે. ગૅયો નામનો એક માણસ હતો જેણે નક્કી કરી લીધું હતું કે હવે બહુ થઈ ગયું! તેને સમાજથી થોડા સમય માટે દૂર રહેવાની જરૂર છે. ઑફિસમાં વાતચીતમાં થતી ગરબડથી, તેના પરિવારમાં ઊભી થતી ગેરસમજથી, લોકો તેની સાથે સહમત થાય એ માટેના તેના દૈનિક સંઘર્ષથી તે થાકી ગયો હતો. જ્યારે તેણે પોતાની આ સમસ્યા એક મિત્રને કહી, જે તેનો સલાહકાર પણ હતો, તો તેના મિત્રે તેને પ્રકૃતિમાં લાંબા સમય સુધી સહેલ કરવા માટે જવાની સલાહ આપી. પર્વતો અને જંગલનું મૌન, સરોવર અને નદીઓની પ્રશાંતિ — તે ગૅયોની મનોદશા માટે સારું રહેશે. તે તેના મન પર રહેલા બોજાને થોડો હળવો કરશે.

ગૅયોને આ સલાહ ગમી ગઈ. તેણે વિચાર્યું, ‘‘હા, બધી વ્યાકુળતા અને સંતાપથી દૂર, એકાંતમાં મારો સમય વ્યતીત કરવું વધારે સારું રહેશે.’’

ગૅયો દક્ષિણ અમેરિકામાં, પેટાગોનિઆની પાસે આવેલા એક નાના શહેરમાં રહેતો હતો. તેની પાસે માણવા માટે પ્રાકૃતિક સૌંદર્યની કોઈ કમી નહોતી. તે તરત જ નીકળી પડ્યો, સૂર્યપ્રકાશથી ચમકતી પહાડીઓની ફરતે અને આછા વાદળી રંગનાં નાનાં-નાનાં, વાંકાચૂંકાં ઝરણાંઓની સાથે ચાલતાં-ચાલતાં તે આગળ વધવા લાગ્યો. દરેક વખતે થોડાં પગલાં ચાલીને તે દૂર રહેલાં પર્વતોની પ્રશંસા કરવા થોભતો; એ પર્વતોની ટોચની ભવ્યતા, તેના પથ્થરોની સપાટી પર વાતાવરણને કારણે સર્જાયેલી વાંકીચૂંકી તિરાડો તેને આશ્વાસનનો સંદેશ આપતી હતી. બસ, ત્યાં માત્ર ગૅયો અને આ વિશાળ ખુલ્લી જગ્યા જ હતી. જીવન આનાથી વધારે સારું ન હોઈ શકે!

પર્વતોમાં આ રીતે થોડા કલાકો ચાલ્યા પછી, ગૅયોને આરામ કરવા માટે મુલાયમ ઘાસવાળી એક ટેકરી મળી. આ જગ્યાથી દૃશ્ય વિશેષરૂપે આદર્શ હતું. તેની ડાબી બાજુનો ભાગ જાંબલી રંગના લ્યુપીનના ફૂલોથી છવાયેલો હતો, તેની પાછળ પર્વતોની વિશાળકાય ટોચ હતી અને ઉપર અનંત નીલ રંગનું ફલક હતું. એક પણ વાદળ દેખાતું નહોતું.

અલબત્ત, થોડીવારમાં કંઈક દેખાયું. જ્યારે ગૅયો તેના ચહેરા પર મધ્યાહ્નના સૂરજની ઉષ્માનો અનુભવ કરતા, ઘાસ ઉપર સૂઈ રહ્યો હતો ત્યારે તેણે ઉપર રૂના ગોટા જેવા મોટાં વાદળોને સ્થિર ગતિથી આકાશમાં આગળ વધતાં જોયાં. થોડીવારમાં વાદળોએ સૂરજને છુપાવી દીધો.

ગૅયોએ કહ્યું, ‘‘અરે! ઓ વાદળો, બસ કરો. દૂર જાઓ!’’

ત્યારે, પર્વતોની પાછળ ક્યાંકથી, તેણે એક અવાજ સાંભળ્યો.

''જાઽઽઽઽઽઽઽઽઽઽઽઽઽઓ ...'' તે પર્વતોમાં રહેતા કોઈ માણસના અવાજ જેવો લાગતો હતો જે કોઈ વ્યક્તિને જોરથી કંઈક કહી રહ્યો હતો.

જિજ્ઞાસાથી તેણે વિચાર્યું કે તે આ માણસને મોટા અવાજે બોલાવશે.

''કોણ છે ત્યાં?''

''કોણ છે ત્યાં? કોણ છે ત્યાં? ત્યાં, ત્યાં, ત્યાં, ત્યાં....''

''ના ખરેખર બોલ, કોણ છે તું?''

''તું, તું, તું, તું, તું...''

''હું નહીં, તું!'' ગૅયોએ ચિડાઈને બૂમ પાડી. હે ભગવાન, પર્વતોમાં રહેતો આ માણસ ખરેખર મંદબુદ્ધિનો છે!

''હું, હું, હું...તું, તું, તું...'' તે અવાજે જવાબ આપ્યો.

''ખેર, હવે તો તે મારી મજાક ઉડાવી રહ્યો છે, હું તેને બતાવી દઈશ!'' ગૅયોએ વિચાર્યું.

તેથી ગૅયોએ તેના ખભા પાછળ કર્યા, તેણે છાતી ફુલાવીને તેના સૌથી કડક અને ગંભીર અવાજમાં બૂમ પાડીને કહ્યું :

''ચૂપ કર!''

અફસોસ, પર્વતોમાં રહેતો એ માણસ તૈયાર હતો. તેનો જવાબ તરત જ આવ્યો :

''ચૂપ કર, કર, કર, કર...''

ગૅયોને લાગ્યું કે આ તો હદ થઈ ગઈ. તેણે ચીસ પાડી, ''આઽઽઽઽઽઽઽહ!''

અને જે વિચાર્યું હતું તે જ જવાબ મળ્યો — ''આઽઽઽઽઽઽઽહ!'' પણ ત્યાંસુધીમાં તો ગૅયોએ એ માણસનું અપમાન કરવાનું શરૂ કરી દીધું હતું. ગૅયોને લાગ્યું કે તેને સમજાવવાથી કંઈ નહોતું થવાનું, તો પછી આ જ કરવું પડશે!''

''મૂર્ખ! ત્રાસદાયી! બેવકૂફ!'' ગૅયોએ મોટેથી બૂમ પાડી.

અલબત્ત, આ અપમાનભર્યા શબ્દો પણ ગુંજીને તેની પાસે પાછા આવ્યા, તેનો અવાજ અને કર્કશતા સો ગણી વધી ગઈ હતી. ગૅયો ગુસ્સા અને ગભરામણમાં આજુબાજુ જોવા લાગ્યો; પર્વતો અને ટેકરીઓ જે થોડી મિનિટો પહેલાં અત્યંત મનમોહક લાગી રહ્યાં હતાં તે હવે ધમકી દઈને તેને દબાવતાં હોય એવું લાગી રહ્યું હતું, પર્વતોના જિદ્દી મુખમાંથી કટુશબ્દો નીકળી રહ્યા હતા.

‘‘મારી સાથે આ રીતે વાત કરવાની આ માણસની હિંમત કેવી રીતે થઈ! મારી સાથે— ગૅયો સાથે! અને જુઓ તેણે શું કરી દીધું! તેણે આ સુંદર સ્થાનને મારા માટે બરબાદ કરી નાંખ્યું.’’

પર્વતોને એક છેલ્લીવાર, ગુસ્સાભરી નજરે જોઈને ગૅયો પોતાના રસ્તે પાછો ફર્યો અને સીધો ઘરે જવા લાગ્યો. ચાલતાં-ચાલતાં તે ધીરે-ધીરે બબડાટ કરી રહ્યો હતો, તેના વિચારો તેના મનમાં માખીઓના ઝૂંડની જેમ ગણગણાટ કરી રહ્યા હતા. ત્યાં અચાનક ઉછળી રહેલાં લાખો અદશ્ય અવરોધોથી તેની હૃદયની આસપાસનું સ્થાન દબાયેલું અને સંકોચાયેલું લાગી રહ્યું હતું.

લાંબા સમય સુધી ચાલ્યાં પછી તે તેના ઘર સુધી જવાના માટીના રસ્તે પહોંચી ગયો. જ્યારે તે એ રસ્તા પર ચાલવા લાગ્યો, તેણે બીજી બાજુથી તેના મિત્રને પોતાની તરફ આવતા જોયો.

તેના મિત્રે કહ્યું, ‘‘ગૅયો! હું તને જ મળવા આવ્યો હતો, અને એ જોવા આવ્યો હતો કે તું સહેલ કરીને પાછો આવ્યો કે નહીં. પણ બોલ, શું થયું?’’ મિત્રે ગૅયોના ચહેરા પરના હાવભાવ જોયા. તેનો ચહેરો એ પર્વતના પત્થર જેવો ભાવશૂન્ય હતો જ્યાંથી તે હમણાં જ આવ્યો હતો.

‘‘તું માની ન શકે એવી વાત થઈ!’’ ગૅયોએ કહ્યું. તેણે સમજાવ્યું કે શું થયું હતું, તે તો પર્વતોની વચ્ચે પોતાનું જ કામ કરી રહ્યો હતો, પ્રકૃતિ સાથે એકાકાર થઈ રહ્યો હતો અને ત્યારે જ આ ઉદ્ધત અજાણ્યા માણસે દખલ કરી.

ગૅયોના મિત્રે આખી વાત ધ્યાનથી સાંભળી, તેણે પોતાના હોઠને દાંતથી દબાવી રાખ્યા જેથી તે હસી ન પડે. એક ક્ષણ માટે તેણે કંઈ જ ન કહ્યું. પછી તેણે ગૅયોના ખભા પર પોતાના હાથ મૂક્યા.

તેણે હળવેથી કહ્યું, ‘‘ગૅયો, તું ફરી એકવાર પ્રયાસ કેમ નથી કરતો? પર્વતો તરફ પાછો જા. તેં જ મને કહ્યું કે તને ત્યાં રહેવાની બહુ જ મજા આવી હતી — પર્વતમાં રહેતા આ માણસની સાથે એ ખરાબ ઘટના થયા પહેલાં.’’

ગૅયોએ આક્રોશમાં જવાબ આપવા માટે પહેલાંથી જ પોતાનું મોં ખોલી દીધું હતું. તેના મિત્રે માત્ર સ્મિત કર્યું અને તેનો હાથ પકડીને પોતાની વાત ચાલુ રાખી :

‘‘ગૅયો, માત્ર એ ફરક રહેશે કે આ વખતે જ્યારે તું જાય, ત્યારે હું ઇચ્છું છું કે તું એવી વસ્તુઓ બોલજે જે ઉત્થાનકારી હોય. એવી વસ્તુઓ બોલજે જે તું સાંભળવા માંગે છે, જે તું ઇચ્છે છે કે કોઈક તને કહે. મને લાગે છે કે જો તું એવું કરીશ, તો પર્વતોમાં રહેતો એ માણસ તને બહુ હેરાન નહીં કરે.’’

ગૅયોએ અચાનક પોતાનું મોં બંધ કરી દીધું. તેણે એક ભ્રમર ઊંચી કરી. તેને આ યોજના પર બહુ ભરોસો નહોતો. પણ પછી તેણે વિચાર્યું કે તેમાં ગુમાવવા માટે શું છે? તેને પર્વતોમાં રહેતો માણસ હેરાન કરશે અથવા તો શહેરમાં રહેતો કોઈક માણસ. પર્વતોમાં તેને વધારે પ્રાકૃતિક દશ્ય તો જોવા મળશે!

તેથી તે પાછો ચાલવા લાગ્યો, પણ હા, પહેલીવાર ગયો હતો તેના કરતા ઓછા ઉત્સાહ સાથે. થોડા સમય પછી તેને ઘાસની એ જ ટેકરી મળી ગઈ જ્યાં પહેલાં તેણે આરામ કર્યો હતો. ડાબી બાજુમાં લ્યુપીનના ફૂલો હતાં,

ઉપર એ જ વિશાળ નીલ આકાશ હતું. તે એક ક્ષણ લઈને શાંતિથી ત્યાં બેસી ગયો. તેણે તેના શરીરમાં શ્વાસ-પ્રશ્વાસની ગતિને અનુભવ કરી. તેણે તેની ચારેબાજુ રંગ અને સંરચનાના આ અદ્‌ભુત પરિદૃશ્યને જોયું.

તેની છાતીમાં રહેલા જે તણાવ વિશે તે અજાણ હતો, તે હવે દૂર થઈ રહ્યો હતો. પર્વતની સામે જોતાં-જોતાં તેણે ધીમેથી કહ્યું, ‘‘સુંદર.’’

‘‘સુંદર,’’ તેણે ફરીથી કહ્યું અને આ વખતે વધારે જોરથી કહ્યું જેથી પર્વતો અને ટેકરીઓ સાંભળી શકે.

‘‘સુંદર,’’ એક દિવ્ય અવાજે ગાઈને કહ્યું. ‘‘સુંદર, સુંદર, સુંદર, સુંદર...’’

ગેયોના ચહેરા પર એક સ્મિત આવી ગયું. એ કેટલો મધુર ધ્વનિ હતો! તે બીજી અદ્‌ભુત વાતો વિશે વિચારવા લાગ્યો જે તે જોરથી સાંભળવા માંગતો હતો, એ બધી ભાવનાઓ જે તે ઇચ્છતો હતો કે કોઈ તેને કહે. એક પછી એક તે આ બધું બોલવા લાગ્યો, તેનો અવાજ વધુને વધુ સાચો, વધુને વધુ આનંદપૂર્ણ થતો ગયો. દરેક વખતે, પર્વતમાં રહેતા એ માણસે તેને ગાઈને જવાબ આપ્યો. કે પછી એ પર્વતો જ હતાં જે ગાઈ રહ્યા હતા? શું તે ઉપર રહેલું આકાશ હતું કે નીચે રહેલી જમીન?

જ્યારે ગેયો પોતાની ચારેબાજુ આ ધ્વનિ સાંભળી રહ્યો હતો, જ્યારે આ ધ્વનિ તેની સત્તામાં ઘૂમી રહ્યો હતો, ત્યારે તેને તેના મિત્ર અને સલાહકારની યાદ આવી, જેણે ફરીથી પર્વતોની મુલાકાત લેવાની સલાહ આપી હતી. ગેયોને આ સમજદાર અને પાક્કા મિત્ર માટે પ્રેમનો અનુભવ થવા લાગ્યો અને તેના હોઠ પર કૃતજ્ઞતાની અભિવ્યક્તિ ઊભરાઈ. હકીકતમાં, તે આ નવીન પ્રીતિ સાથે તેના જીવનમાં રહેલાં બધાં જ લોકોનો વિચાર કરવા લાગ્યો અને એ લોકો માટે પોતાની પ્રશંસાને વ્યક્ત કરવા લાગ્યો. એ લોકોમાં રહેલાં ગુણોને અને તેમની ઉપસ્થિતિમાં તેને અનુભવાતી સારી લાગણીઓને વ્યક્ત કરવા લાગ્યો.

પર્વતોમાંથી પ્રચુરમાત્રામાં સકારાત્મકતા ફેલાઈને ગુંજાયમાન થઈ ગઈ, તેના વિવિધ ધ્વનિની લહેરો કોઈ દિવ્ય રણકારની જેમ એકબીજામાં ભળવા લાગી. આ ધ્વનિના સ્પંદનોની શક્તિ એટલી શક્તિપૂર્ણ, એટલી પ્રત્યક્ષ હતી કે ગેયો આગળ વધીને તેને સ્પર્શ કરવા માંગતો હતો.

તો પર્વતોમાં રહેતો આ માણસ, તેની સમક્ષ પેટાગોનિઆના આ વિશાળ વિસ્તાર તરફ પોતાના હાથ લાંબા ફેલાવીને ત્યાં જ ઊભો રહ્યો. તે ત્યાં જ ઊભો રહ્યો, તેનું મન સંગીતમાં લીન થઈ ગયું. તે ત્યાં જ ઊભો રહ્યો, તેનું મન મૌનમાં મગ્ન થઈ ગયું.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.